બિન સરકારી ગ્રાન્ટ ઇન એઇડ સંસ્થાના વ્યવસાયલક્ષી પ્રવાહના લઘુલાયકાત ધરાવતા શિક્ષકોના ઉચ્ચતર પગાર ધોરણ મંજૂર કરવા બાબત

ગુજરાત સરકાર
શિક્ષણ વિભાગ
ઠરાવ ક્રમાંક : ED/MIS/e-file/3/2022/2455/G-1
સચિવાલય, ગાંધીનગર

**વંચાણે લીધા:-**

1) શિક્ષણ વિભાગનો તા.૨૨/૦૯/૧૯૮૭, નો ઠરાવ ક્રમાંક: વઅક/૧૧૮૭/૩૮૬૫૧/ગ.૧
2) શિક્ષણ વિભાગનો તા.૦૩/૦૩/૧૯૯૨ નો ઠરાવ ક્રમાંક : વઅક/૧૧૯૧/૮૭૬/ગ-૧
3) શિક્ષણ વિભાગનો તા.૨૯/૦૪/૧૯૯૨ નો ઠરાવ ક્રમાંક : બમશ/૧૩૯૨/૧૦૬૬/ગ
4) નાણા વિભાગનો તા. ૧૬/૦૮/૧૯૯૪ નો ઠરાવ ક્રમાંક : પગર-૧૧૯૪-૪૫-મ
5) શિક્ષણ વિભાગનો તા.૧૨/૦૯/૨૦૦૧ નો ઠરાવ ક્રમાંક : ઉમશ/૧૧૨૦૦૧/૧૫૩૧/છ
6) નિયામકશ્રી, શાળાઓની કચેરીનો તા.૨૬/૦૮/૨૦૨૦નો પત્ર ક્રમાંક : ઉમબ/ઉમા-૮/૨૦૨૦/૪૪૫૯-૬૦
7) નિયામકશ્રી, શાળાઓની કચેરીનો તા.૨૮/૦૮/૨૦૨૩, પત્ર ક્રમાંક : ઉમબ/ઉમા.૮/૨૦૨૩/૪૫૪૭
8) નિયામકશ્રી, શાળાઓની કચેરીનો તા.૧૮/૧૨/૨૦૨૩, પત્ર ક્રમાંક. COS/LLT/e-file/276/2022/0102/Higher secondary section

**આમુખ :-**

૧. શિક્ષણ વિભાગના વંચાણે લીધા ક્રમાંક (૧) સામેના તા.૨૨/૦૯/૧૯૮૭ના ઠરાવથીવ્યવસાયલક્ષી પ્રવાહ ધોરણ-૧૧-૧૨ શૈક્ષણિક તથા બિનશૈક્ષણિક કર્મચારી મહેકમની શૈક્ષણિક વ્યવસાયિક લાયકાત અનુભવ અને યોગ્યતા બાબતે વ્યવસાયલક્ષી જૂથોને અનુરુપ શૈક્ષણિક લાયકાતો રાખવાનું ઠરાવવામાં આવેલ હતું, પરંતુ ત્યારબાદ શિક્ષણ વિભાગના વંચાણે લીધા ક્રમાંક (૨) સામેના તા.૦૩/૦૩/૧૯૯૨ ના ઠરાવથી ઉક્ત ઠરાવ રદ્દ કરી રાજ્યના ઉચ્ચતર માધ્યમિક

eSign
Signed by: J T BANDHANIYA
Organization Unit: Education Department
Organization Name: GOVERNMENT OF GUJARAT
Date: 24-Jan-2024 (04:42 PM)

વ્યવસાયલક્ષી પ્રવાહના શૈક્ષણિક કર્મચારીઓનીલાયકાત, અનુભવ અને પગાર ધોરણનવેસરથી નક્કી કરવામાં આવેલ છે.

૨. વ્યવસાયલક્ષી પ્રવાહના શિક્ષકો અલગ અલગ લાયકાત ધરાવતાં હોવાથી, તેમજ ઉક્ત ઠરાવોના સંદર્ભમાં કેટલાક શિક્ષકોએ નિયત લાયકાત નિમણૂંક બાદ મેળવેલ હોવાથી તથા કેટલાક શિક્ષકો લાયકાત મેળવી શકેલ ન હોવાથી; આ વ્યવસાયલક્ષી શિક્ષકોને મળવાપાત્ર ઉચ્ચતર પગાર ધોરણના કેસો ચકાસણી અર્થે હિસાબી અને તિજોરી નિયામકની કચેરી, ગાંધીનગરને રજૂ કરવામાં આવતાં, તેઓના લાયકાતોની વિસંગતતા ધ્યાને લઇ, કેટલાક કેસોના સંદર્ભે વિભાગનું માર્ગદર્શન માંગવામાં આવેલ. જે અન્વયે કમિશનર શાળાઓની કચેરી પાસેથી અહેવાલ મંગાવતાં, તેઓએ વંચાણે લીધા ક્રમાંક (6) થી (8) સામેના પત્રથી પ્રસ્તુત બાબતે વિગતવાર માહિતી મોકલી આપેલ.

૩. કમિશનર શાળાઓની કચેરીએ મોકલી આપેલ વિગતો ધ્યાને લેતાં, (૧) કુલ-૧૬ કર્મચારીઓના કેસમાં નિયત થયેલ કોર્સ બંધ થવાથી તેઓ લાયકાત મેળવી શકેલ નથી, (૨) કુલ-૧૭ કર્મચારીઓના કેસમાં શિક્ષણ વિભાગના તા.૧૨/૯/૨૦૦૧ના ઠરાવ મુજબ પરીક્ષામાં બેસી શકે તેમ નથી જેથી નિયત લાયકાત મેળવી શકેલ નથી, (૩) કુલ-૧૨ કર્મચારીઓના કેસમાં શિક્ષણ વિભાગના તા.૧૨/૯/૨૦૦૧ના ઠરાવ મુજબ પરીક્ષામાં બેસી શકે તેમ નથી તથા કોર્સ બંધ થવાથી એમ બંને કારણોથી નિયત લાયકાત મેળવી શકેલ નથી, (૪) કુલ-૭૧ કર્મચારીઓ દ્વારા નિમણૂંક મેળવ્યા બાદ નિયત લાયકાત મેળવી લીધેલ છે, (૫) કુલ-૩૯ કર્મચારીઓ નિયત લાયકાત મેળવી શકે એમ છે પરંતુ મેળવેલ નથી, (૬) કુલ-૫૨ કર્મચારીઓ તા.૨૨/૯/૧૯૮૭ ના ઠરાવ મુજબ જાહેરાત/સિલેકશન વખતે નિયત લાયકાત ધરાવતા હતા. પરંતુ પસંદ થયેલ ઉક્ત કુલ-૫૨ કર્મચારીઓને નિમણુંક આપતી વખતે તા.૩/૩/૧૯૯૨ નો ઠરાવ અમલમાં આવતા તા.૩/૩/૧૯૯૨ ના ઠરાવ મુજબની લાયકાત ધરાવતા નથી, (૭) કુલ-૧૦૫ જેટલા શિક્ષકોના અગાઉ જિલ્લા કક્ષાએથી લોકલ ફંડ દ્વારા ૧૦૦% પ્રમાણે ઉ.પ.ધો. મંજૂર થયેલ છે. આથી, વ્યવસાયલક્ષી પ્રવાહના જે કર્મચારીઓ દ્વારા નિયત લાયકાત નિમણૂંક બાદ પાછળથી મેળવેલ છે/મેળવેલ જ નથી/મેળવી શકે તેમ નથી, તેઓને ઉચ્ચતર પગાર ધોરણ કઈ રીતે આપવું તે પ્રશ્ન ઉપસ્થિત થયેલ.

૪. શિક્ષણ વિભાગના વંચાણે લીધા ક્રમાંક (૩) સામેના તા.૨૯/૦૪/૧૯૯૨ ઠરાવથી બિન સરકારી માધ્યમિક શાળા તથા ઉચ્ચતર માધ્યમિક શાળાના શિક્ષકો કે જેઓ નિમણૂંકના સમયે નિયત લાયકાત ધરાવતાં ન હોય એટલે કે બિનતાલીમી હોય અને પાછળથી નિયત લાયકાત મેળવે તેમના કિસ્સામાં બિનતાલીમી શિક્ષક તરીકે જે તારીખે શાળામાં જોડાયા હોય અને જે તારીખે તેઓ શિક્ષક તરીકેની નિયત/જરૂરી લાયકાત મેળવે તે સમયગાળાના ૬૦ ટકા સમયને ઉચ્ચતર પગાર ધોરણ

eSign
Signed by: J T BANDHANIYA
Organization Unit: Education Department
Organization Name: GOVERNMENT OF GUJARAT
Date: 24-Jan-2024 (04:42 PM)

આપતી વખતે ગણતરીમાં લેવાની જોગવાઇ કરવામાં આવી છે. પરંતુ આ ઠરાવ માત્ર તાલિમી/ બિન તાલીમી શિક્ષકો સંદર્ભે કરવામાં આવેલ. આ ઠરાવ ધ્યાને લઇ, ઉપરના ફકરામાં જણાવ્યા મુજબના વ્યવસાયલક્ષી પ્રવાહના શિક્ષકોને ઉચ્ચતર પગાર ધોરણ કઈ રીતે આપવું તે બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠરાવ :**

પુખ્ત વિચારણાને અંતે,શિક્ષણ વિભાગના વંચાણે લીધા ક્રમાંક (૩)તા.૨૯/૦૪/૧૯૯૨ ઠરાવને ધ્યાને લઇ, રાજ્યની બિન સરકારી ગ્રાન્ટ ઇન એઇડ સંસ્થાના વ્યવસાયલક્ષી પ્રવાહના શૈક્ષણિક કર્મચારીઓનેનીચેની શરતોને આધિન ઉચ્ચતર પગાર ધોરણ મંજૂર કરવાનું આથી ઠરાવવામાં આવે છે:

1. આ સાથે સામેલ પત્રક-૧ મુજબના કુલ-૧૬ કર્મચારીઓના કેસમાં નિયત થયેલ કોર્સ બંધ થવાથી તેઓ લાયકાત મેળવી શકેલ નથી, જેથી તેઓના કેસમાં ઉચ્ચતર પગાર ધોરણના હેતુ માટે નિમણૂંક તારીખથી કોર્સ બંધ થયા તારીખ સુધીનો સમયગાળો ૬૦% મુજબ ધ્યાને લેવાનો રહેશે અને ત્યારબાદ ૧૦૦% મુજબ ધ્યાને લેવાનો રહેશે.
2. આ સાથે સામેલ પત્રક-૨મુજબના કુલ-૧૭ કર્મચારીઓના કેસમાં શિક્ષણ વિભાગના તા.૧૨/૯/૨૦૦૧ના ઠરાવ મુજબ પરીક્ષામાં બેસી શકે તેમ નથી જેથી નિયત લાયકાત મેળવી શકેલ નથી. જેથી તેઓના કેસમાં ઉચ્ચતર પગાર ધોરણના હેતુ માટે નિમણૂંક તારીખથી તા.૧૨/૯/૨૦૦૧ સુધીનો સમયગાળો ૬૦% મુજબ ધ્યાને લેવાનો રહેશે અને ત્યારબાદ ૧૦૦% મુજબ ધ્યાને લેવાનો રહેશે.
3. આ સાથે સામેલ પત્રક-૩ મુજબનાકુલ-૧૨ કર્મચારીઓના કેસમાં શિક્ષણ વિભાગના તા.૧૨/૯/૨૦૦૧ના ઠરાવ મુજબ પરીક્ષામાં બેસી શકે તેમ નથી તથા કોર્સ બંધ થવાથી એમ બંને કારણોથી નિયત લાયકાત મેળવી શકેલ નથી. જેથી તેઓના કેસમાં ઉચ્ચતર પગાર ધોરણના હેતુ માટે નિમણૂંક તારીખથી તા.૧૨/૯/૨૦૦૧ સુધી કે કોર્સ બંધ થયા તારીખ બેમાંથી જે વહેલું હોય ત્યાં સુધીનો સમયગાળો ૬૦% મુજબ ધ્યાને લેવાનો રહેશે અને ત્યારબાદ ૧૦૦% મુજબ ધ્યાને લેવાનો રહેશે.
4. આ સાથે સામેલ પત્રક-૪ મુજબનાકુલ-૭૧ કર્મચારીઓ દ્વારા નિયત લાયકાત મેળવી લીધેલ છે જેથી તેઓના કેસમાં ઉચ્ચતર પગાર ધોરણ માટે શિક્ષણ વિભાગના તા.૨૯/૪/૧૯૯૨ના ઠરાવ મુજબ નિમણૂંક તારીખથી નિયત લાયકાત મેળવ્યા સુધીનો સમયગાળો ૬૦% અને નિયત લાયકાત મેળવ્યા બાદનો સમયગાળો ૧૦૦% મુજબ ધ્યાને લેવાનો રહેશે.

eSign
Signed by: J T BANDHANIYA
Organization Unit: Education Department
Organization Name: GOVERNMENT OF GUJARAT
Date: 24-Jan-2024 (04:42 PM)

5. આ સાથે સામેલ પત્રક-૫ મુજબનાકુલ-૩૯ કર્મચારીઓ નિયત લાયકાત મેળવી શકે એમ છે પરંતુ મેળવેલ નથી તેઓના કેસમાં ઉચ્ચતર પગાર ધોરણ માટે શિક્ષણ વિભાગના તા.૨૯/૪/૧૯૯૨નો ઠરાવનો આધાર લઇ વિચારણા કરવાની થાય. જેથી નિમણૂંક તારીખથી નિવૃતિની તારીખ સુધીનો સમગ્ર સમયગાળો ૬૦% મુજબ જ ધ્યાને લેવાનો રહેશે.
6. આ સાથે સામેલ પત્રક-૬ મુજબનાકુલ-૫૨ કર્મચારીઓ તા.૨૨/૯/૧૯૮૭ ના ઠરાવ મુજબ જાહેરાત/સિલેકશન વખતે નિયત લાયકાત ધરાવતા હતા. પરંતુ પસંદ થયેલ ઉક્ત કુલ-૫૨ કર્મચારીઓને નિમણુંક આપતી વખતે તા.૩/૩/૧૯૯૨ નો ઠરાવ અમલમાં આવતા તા.૩/૩/૧૯૯૨ ના ઠરાવ મુજબની લાયકાત ધરાવતા નથી. જેથી તેઓના કેસમાં તા.૩/૩/૧૯૯૨નો ઠરાવ અમલમાં આવતા પ્રસ્તુત પ્રશ્ન ઉપસ્થિત થયેલ છે. જેથી વિભાગે અગાઉ કરેલ સ્પષ્ટતા મુજબ તેઓના કેસમાં તા.૨૨/૯/૧૯૮૭ના ઠરાવ મુજબની લાયકાત માન્ય રાખી ૧૦૦% મુજબ ઉચ્ચતર પગાર ધોરણ મંજુર કરવાનું રહેશે.
7. આ સાથે સામેલ પત્રક-૭ મુજબનાવધુમાં કુલ-૧૦૫ જેટલા શિક્ષકોના અગાઉ જિલ્લા કક્ષાએથી લોકલ ફંડ દ્વારા ૧૦૦% પ્રમાણે ઉ.પ.ધો. મંજૂર થયેલ છે. જેથી તેઓના કેસમાં ઉપર પેરા-1 થી 6 મુજબની સ્પષ્ટતાઓ ધ્યાને રાખી તેમાં સમાવેશ થતાં કર્મચારીઓના કેસો વિનિયમિત કરવાના રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર નાણા વિભાગની તારીખ ૦૨/૦૧/૨૦૨૪ અને સરકારશ્રીની તારીખ ૦૬/૦૧/૨૦૨૪ પરની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

eSign
Signed by: J T BANDHANIYA
Organization Unit: Education Department
Organization Name: GOVERNMENT OF GUJARAT
Date: 24-Jan-2024 (04:42 PM)

(જે.ટી.બાંધણીયા)

ઉપસચિવ

શિક્ષણ વિભાગ

**<u>નકલ રવાના પ્રતિ,</u>**

- માન. રાજયપાલશ્રીના અગ્રસચિવશ્રી, રાજભવન, ગાંધીનગર
- સચિવશ્રી, માન.મુખ્યમંત્રીશ્રીનું કાર્યાલય, સ્વર્ણીમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર

- અંગત સચિવશ્રી, માન.મંત્રીશ્રી(પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ)નું કાર્યાલય, સ્વર્ણીમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર
- અંગત સચિવશ્રી, માન.રા.ક.મંત્રીશ્રી(પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ, ઉચ્ચ શિક્ષણ)નું કાર્યાલય, સ્વર્ણીમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રી(પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ)ના રહસ્ય સચિવશ્રી, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- નિયામકશ્રી, શાળાઓની કચેરી, વિદ્યા સમીક્ષા કેન્દ્ર, સેક્ટર-૧૯, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ, સેક્ટર-૧૦, ગાંધીનગર.
- તમામ જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓ.
- કોમ્પ્યુટર સેલ, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર(ઠરાવ ઓનલાઇન મુકવા સારું)
- શાખા સિલેક્ટ ફાઈલ-૨૦૨૪

eSign
Signed by: J T BANDHANIYA
Organization Unit: Education Department
Organization Name: GOVERNMENT OF GUJARAT
Date: 24-Jan-2024 (04:42 PM)